| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | ૦૩– ૦૩ – ૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૩– ૦૩– ૨૦૨૬ |
| નિકાલ કર્યા તારીખ | ૧૬– ૦૩ – ૨૦૨૬ |
| સ મ ય ગા ળો | વર્ષ માસ દિવસ |
| | ૦૦ – ૦૦ – ૧૩ |

**મહેસાણા જિલ્લાની સત્ર અદાલત સમક્ષ,**
**મું.મહેસાણા.**

**ફોજદારી પરચુરણ અરજી(જી.પી.આઈ.ડી.) નં.૦૩/૨૦૨૬**
**આંક:–૧૦**

**સોની જીતેન્દ્રકુમાર સત્યનારાયણ,**
ઉ.વ.આ.૪૬,ઉ.વ.આ.પુખ્ત,
રહે.રેજીમેન્ટ ઝવેરીનગર, મુખ્ય પોસ્ટ ઓફિસ,
ડીસા, તા. બનાસકાંઠા. ......**અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** .....**સામાવાળા**

**બાબત –** બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી

| | |
|---|---|
| ગુન્હો | ઈ. પી. કો.કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ તથા જી.પી.આઈ.ડી.ની કલમ –૩ મુજબ |
| | વડનગર પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૨૦૬૦૭૩૨૧૦૮૨૬ /૨૦૨૧ |

.......................................................................
અરજદાર તરફે :– વિ.વકીલશ્રી વાય.કે. દવે
સામાવાળા તરફે :– વિ.એડી.પી.પી.શ્રી બી.જી.પટેલ
.......................................................................

સ્પેશ્યલ જજ,
મહેસાણા.

**<u>–:: હુ ક મ :: –</u>**

(૧) આ કામના અરજદાર/આરોપીએ તેઓની સામે જે **વડનગર પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૨૦૬૦૭૩૨૧૦૮૨૬ /૨૦૨૧ થી ઈ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ તથા જી.પી.આઈ.ડી.ની કલમ –૩** મુજબના ગુનાના કામે જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ હેઠળની ચાર્જશીટ બાદની હાલની આ રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી કરેલ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત મુજબ અરજદાર/આરોપીએ સહ આરોપી સાથે ભેગા મળી ફરિયાદી તથા સાહેદોને માસીક વ્યાજ પેટે લોભામણી લાલચ આપી વિશ્વાસમાં લઈ તેઓની ચેહર એન્ટરપ્રાઈઝ વડનગર ખાતેની ઓફિસમાં પૈસાનું અલગ અલગ રોકાણ કરાવી આજદીન સુધી પૈસા પરત નહી આપી કુલ રૂા.૨,૧૧,૫૦,૦૦૦/– ની રકમની વિશ્વાસઘાત તથા છેતરપિંડી કરી ચેહર એન્ટર પ્રાઈઝ નામની ટ્રસ્ટ બનાવી નોંધ નહી કરાવી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૩) આ કામે અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીએ જામીન અરજીમાં જણાવ્યા મુજબની દલીલો કરી વિશેષમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી તદન નિર્દોષ વ્યકિત છે, તેમને હાલના ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે.ફરિયાદ બે વર્ષ અને ૮ માસ લેઈટ દાખલ કરેલ છે અને તે અંગે કોઈ વ્યાજબી ખુલાસો કરેલ નથી. સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવા આધારીત છે. અરજદારનો કોઈ ગુનાહિત ભુતકાળ નથી. મહત્વની તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને અરજદાર પાસેથી કોઈ ચીજવસ્તુ રીકવર કરવાની બાકી નથી. અરજદાર નાસીભાગી જાય તેમ નથી અને તપાસમાં સંપુર્ણ સહકાર આપશે. કેસ ચાલતા સમય જાય તેમ

છે. આક્ષેપીત ગુનાની સજાની જોગવાઈ મહત્તમ સાત વર્ષની છે. અરજદાર અટક થયા તારીખથી કસ્ટડીમાં છે. એફ.આઈ.આર. જોતાં દિવાન પ્રકારનો ગુનો છે.અગાઉ સહ આરોપી અનિલકુમાર ને નામ.ગુજરાત હાઈકોર્ટે ફો. પ. અ. નં. ૨૨૭૩૬/૨૦૨૧ થી આગોતરા જામીન મંજુર કરેલ છે. સહ આરોપી વિરૂધ્ધ ગુનાની તપાસ પુર્ણ થતાં ચાર્જશીટ પણ ફાઈલ થયેલ છે. અરજદાર વતનમાં સ્થાવર જંગમ મીલકતો ધરાવે છે તેમજ નાસીભાગી જાય તેમ નથી. અરજદાર નામ.કોર્ટના ફરમાન મુજબ શરતોનું પાલન કરવા અને જામીન આપવા તૈયાર હોય અરજદારની જામીન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે અને તેમની દલીલના સમર્થનમાં ન્યાયીક ચુકાદો રજુ કરેલ છે.

(૪) સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રીએ અરજદાર / આરોપીની રેગ્યુલર જામીન મેળવવાની અરજીનો સખત વિરોધ કરી,પોતાની રજુઆતોમાં જણાવેલ છે કે, અરજદાર મુખ્ય આરોપી છે. અરજદારે ચેહર એન્ટરપ્રાઈઝ નામની વડગનર ખાતે ઓફિસમાં પૈસાનું અલગ અલગ રોકાણ કરાવી ફરિયાદી તથા સાહેદોના રૂા.૨, ૧૧, ૫૦,૦૦૦/- જેટલી માતબર રકમ મેળવી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરિપિંડી કર્યાનો આક્ષેપ છે. અરજદારે કુલ ૩૪ જેટલા સાહેદો સાથે વિશ્વાસઘાત તથા છેતરપિંડી કરેલ છે. અરજદાર ગુનો બન્યા બાદ તારીખ ૧૫-૦૨-૨૦૨૬ સુધી નાસતા ફરતા રહેલ છે. જેથી ઉપરોકત તમામ સંજોગોને ધ્યાને લેતાં અરજદાર સામે પ્રથમદર્શનીય આક્ષેપ ધ્યાને લેતાં જામીન અરજી મંજુર થવાપાત્ર ન હોઈ અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) જામીન અરજી, તપાસ કરનાર અમલદારશ્રીનુ એફીડેવીટ વંચાણે લીધુ તેમજ પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી. ફરિયાદપક્ષના કેસની હકીકત મુજબ અરજદાર/આરોપીએ સહ

આરોપીઓ સાથે ભેગા મળી ફરિયાદી તથા સાહેદોને માસીક વ્યાજ પેટે લોભામણી લાલચ આપી વિશ્વાસમાં લઈ તેઓની ચેહર એન્ટરપ્રાઈઝ વડનગર ખાતેની ઓફિસમાં પૈસાનું અલગ અલગ રોકાણ કરાવી આજદીન સુધી પૈસા પરત નહી આપી કુલ રૂા.૨,૧૧,૫૦,૦૦૦/- ની રકમની વિશ્વાસઘાત તથા છેતરપિંડી કરી ચેહર એન્ટર પ્રાઈઝ નામની ટ્રસ્ટ બાવી નોંધ નહી કરાવી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કર્યાનો આક્ષેપ છે. પોલીસ તપાસના કાગળો વંચાણે લેવામાં આવે તો બનાવ તારીખ ૧૮-૦૭-૨૦૧૮ થી તારીખ ૦૧-૦૩-૨૦૧૯ દરમ્યાનનો છે.ફરિયાદમાં સૌ પ્રથમ ઈ. પી. કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હતો અને ત્યારબાદ ત.ક. અધિકારીશ્રીએ વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ જી.પી.આઈ.ડી. ની કલમ-૩ મુજબનો વધારો કરવાનો રીપોર્ટ કરેલ હોઈ તે મુજબનો ગુનાનો વધારો કરવામાં આવેલ છે.

(૬) આ કામે ત.ક.અધિકારીનું સોગંદનામું તેમજ ચાર્જશીટના પેપર્સ વંચાણે લેવામાં આવે તો અરજદાર/આરોપીની બેંક સ્ટેટમેન્ટની માહીતી મેળવતાં એસબીઆઇ શાખા ડીસા ખાતે એકાઉન્ટ નં. ૧૦૮૧૭૩૭૬૫૩૦માં તારીખ ૧૮-૦૧-૨૦૧૮ થી તારીખ ૨૫/૧૨/૨૦૨૫ સુધી રૂા.૨૧,૩૩,૯૭૮/- રૂપિયાનુ ટ્રાન્જેકશન થયેલ છે. જયારે અરજદાર/આરોપીએ પોતાના નામે ભુમીકા કોમોડીટી પાલનપુર ખાતે આઇ.ડી.નં.00079326 DPID12045800 નું એકાઉન્ટ શેરબજારમાં ધંધો કરવા માટે ખોલાવેલ હતુ જેનુ સ્ટેટમેન્ટ તા.૨૭/૧૨/૨૦૧૭ થી તા.૨૦/૦૨/૨૦૨૬ સુધીનુ આવેલ છે જેમાં રૂ.૧૫,૩૯૫ નુ ટ્રાન્જેકશન થયેલ છે. શ્રી ચેહર એન્ટરપ્રાઇઝની લી. ના નામે CIN NO U74140GJ1999PTC036851 ખોલાવેલ હતુ જેમાં

તારીખ ૦૫/૦૪/૨૦૧૯ થી તારીખ ૧૫/૧૦/૨૦૧૯ સુધી રૂ.૭,૩૦,૧૧૧/–ટ્રાન્જેકશન થયેલ છે અને ભુમીકા કોમોડીટી માં અરજદારના નામે ID NO 9984 માં તા.૧૦/૦૧/૨૦૧૮ થી તા. ૨૯/૦૩/૨૦૧૮ રૂ.૪૪,૦૯,૯૨૪/– ટ્રાન્જેકશન થયેલ છે તેમજ ભુમીકા કમોડીટી ID NO 9984 માં તારીખ ૨૪/૦૪/૨૦૧૮ થી તારીખ ૨૫/૦૩/૨૦૧૯ સુધી રૂ.૩૦,૭૨,૧૮,૪૫૨/–થયેલ છે. જયારે ID NO 9984 માં તા.૧૧/૦૪/૨૦૧૯ થી તા.૧૫/૧૦/૨૦૧૯ સુધી રૂ.૨,૦૩,૮૯૨/– ટ્રાન્જેકશન થયેલ છે. અરજદાર/આરોપી ના કોટક મહિન્દ્રા બેન્ક ડીસા શાખામાં એકાઉન્ટ નં.૬૮૧૧૭૮૬૧૯૫ માં તારીખ ૦૧/૦૧/૨૦૧૮ થી તારીખ ૧૮/૦૨/૨૦૨૬ સુધી રૂ.૪,૮૯,૨૨,૪૭૦/– નું ટ્રાન્જેક્શન થયેલ છે તેમજ કોટક મહિન્દ્રા બેંક વિસનગર શાખામાં એકાઉન્ટ નં. ૬૮૧૨૫૭૮૯૩૫ માં તારીખ ૦૧–૦૧–૨૦૧૮ થી તારીખ ૧૮/૦૨/૨૦૨૬ સુધી રૂા.૪૯,૭૩,૦૧,૪૪૯/– નુ ટ્રાન્જેક્શન થયેલ છે. હાલના અરજદાર/ આરોપીએ અલગ અલગ ટ્રેડીંગ એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરેલ છે અને ચેહર એન્ટરપ્રાઇઝના નામથી આઇડીબીઆઇ બેન્ક વિસનગર શાખામાં એકાઉન્ટર નં. ૧૯૮૯૧૦૨૦૦૦૦૦૧૬૭૦ માં તારીખ ૧૬/૦૩/૨૦૧૮ થી તારીખ ૩૧/૧૨/૨૦૧૯ સુધી કુલ ૪,૭૦,૮૮,૦૦૦/– નું ટ્રાન્જેક્શન થયેલ છે તેમજ અરજદારે પોતાના નામે તથા સંબંધીના નામે કુલ–૦૭ કિંમત રૂા.૪૧,૫૦,૦૦૦/– ની ખરીદી કરેલ છે અને પોતાના નામે તથા સંબંધીના નામે કુલ–૧૬ કિંમત રૂા.૧,૬૬,૬૪,૬૦૦/– ની વેચાણ કરેલ છે. આમ, અરજદારના બેંક ટ્રાન્જેકશનની વિગતોને ધ્યાને લેતાં તેઓની ગુનામાં સક્રિય સંડોવણી જણાઈ આવે છે.

સ્પેશ્યલ જજ,
મહેસાણા.

(૭) આમ, હાલના અરજદાર સામે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યાનો પ્રથમદર્શનીય આક્ષેપ જણાઈ આવે છે. અરજદાર તેમની સામે ગુનો જાહેર થયા બાદથી નાસતા ફરતા રહેલ હોય સહ આરોપી વિરૂધ્ધ થયેલ ચાર્જશીટમાં તેમને નાસતા ફરતા બતાવેલ છે. અરજદાર સામેના ગુનાની તપાસ હાલ ચાલુ છે

(૮) અરજદારના વ.શ્રીએ ચુકાદાઓ રજુ કરેલ છે તે વંચાણે લેવામાં આવેલ છે પરંતુ અરજદાર/આરોપી સામે રૂા.૨,૧૧,૫૦,૦૦૦/- ની મોટી રકમની છેતરપિંડી અને વિશ્વાસઘાતનો આક્ષેપ હોય આવા ગંભીર ગુનામાં જામીન અરજી મંજુર કરવી ન્યાયાચિત જણાતું નથી.

(૯) આમ, અરજદાર/ આરોપી સામેના ગુનાની ગંભીરતા, અરજદારનો ગુનામાં સ્પષ્ટ રોલ, અરજદારની ગુનામાં સ્પષ્ટ સંડોવણી અને રૂા.૨,૧૧,૫૦,૦૦૦/- ની છેતરપિંડી તેમજ સજાની જોગવાઈ ધ્યાને લેતાં તેમજ અરજદાર સામેના પ્રથમદર્શનીય આક્ષેપને ધ્યાને લેતાં અરજદારની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવાનું ઉચીત જણાતું નહોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-:: હુ ક મ :: -

- અરજદાર **સોની જીતેન્દ્રકુમાર સત્યનારાયણ**નાઓની રેગ્યુલર જામીન અરજી "**નામંજુર**" કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ **૧૬મી માહે માર્ચ, સને ૨૦૨૬** નારોજ ખુલ્લી અદાલત મધ્યે વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યા.

તારીખ- ૧૬/૦૩/૨૦૨૬.
સ્થળ - મહેસાણા.

**(અંબરીષ લાલજીભાઇ વ્યાસ)**
**સ્પે.જજ(જી.પી.આઈ.ડી.)અને**
**સત્ર ન્યાયાધીશ, મહેસાણા.**
**(કોડ નંબર- જીજે૦ ૦૫૦૮)**

સ્પેશ્યલ જજ,
મહેસાણા.